# રેલવેના ઉચ્ચ અધિકારીઓને પણ ઉંઠા ભણાવવામાં આવે છે

**આગામી** શનિવારે સુરતમાં પશ્ચિમ રેલવેની ટીમ આવશે

સુરતઃ સુરતમાં બેઠેલાં રેલ અધિકારીઓ પોતાનું સારું દેખાડવા માટે મુંબઈ બેઠેલાં પશ્ચિમ રેલવેના ઉચ્ચ અધિકારીઓનાં આંખે પાટા બાંધી રહ્યાં છે આજેપણ સુરતમાં પરપ્રાંતીયોની વતન ભણી દોટ સિઝન હોવાનું જણાવી ફરીથી ઉઠાં ભણાવી રહ્યા છે. સુરતની વાસ્તવિક સ્થિતિથી રેલ્વેના ઉચ્ચ અધિકારીઓને અવગત જ કરવામાં આવતાં નથી જે આજે ઉધના રેલવે સ્ટેશન પર બનેલી ઘટના પરથી સ્પષ્ટ થાય છે. જેને પગલે આગામી શનિવારે સુરતમાં પશ્ચિમ રેલવેની ટીમ આવશે. સુરતમાં દર વર્ષે ઉનાળામાં (ખાસ કરીને માર્ચ-મે દરમિયાન) યુપી-બિહારના પરપ્રાંતીય મજૂરો વતન જતાં હોય છે. સુરતમાં અંદાજે ૨૦ લાખથી વધુ પરપ્રાંતીયો સુરતને કર્મ ભૂમિ બનાવી છે. આ એક સીઝનલ માઈગ્રેશન પેટર્ન છે. 2026માં તો આ ટ્રેન્ડ વધુ વધ્યો છે. કારણો એક નહિ, પણ ઘણા છે

**કારણ નં. ૧** - સુરતનું અર્થતંત્ર મુખ્યત્વે ટેક્સટાઈલ-ડાયમંડ પર આધારિત છે. ઉનાળામાં કપડાની ડિમાન્ડ ઘટે છે, ઓર્ડર ઓછા હોય ફેક્ટરીઓમાં કામમાં કાપ મુકાય છે. હાલમાં મંદીને કારણે લુમ્સમાં એક પાળી બંધ, ડાંઈગ હાઉસ અઠવાડિયામાં બે દિવસ બંધ રહેતાં કામ ઓછું એટલે મજૂરોને ફુલ ટાઈમ કામ મળતું નથી.

**કારણ નં. ૨** - ખેતીની સીઝન શરૂ થવાની હોય ઉનાળાના અંતે ગામમાં ખેતીની તૈયારી સાથે મકાન મરામત અને પરિવારિક જવાબદારીઓ માટે આ સમયે પરપ્રાંતીયો વતન ઘરે રહેવાનું પસંદ કરે છે.

**કારણ નં. ૩** - ગરમીમાં સુરતમાં રહેવું મુશ્કેલ બને છે. મજૂરો મોટા ભાગે ભાડાના રૂમમાં 6-10 લોકો સાથે રહે છે. કામ ઓછું હોય ત્યારે આવા પરિસ્થિતિમાં રહેવા કરતાં ગામે રહેવું સરળ લાગે છે.

**કારણ નં. ૪** - ઉનાળામાં શાળા બંધ હોય ત્યારે ઘણા મજૂરો પરિવારને મળવા જાય છે. આખું વર્ષ પત્ની-બાળકો ગામમાં હોય, આ એકમાત્ર સમય હોય છે.

**કારણ નં. ૫** - ગેસનાં બાટલાની સમસ્યા અને ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રીમાં અનિશ્ચિતતાનાં વાતાવરણને કારણે આ વર્ષે પરપ્રાંતીયોની વતન ભણી દોટ વધી છે

## જરુરિયાત અને ટિકિટ બુકિંગનાં આધારે ટ્રેન ચલાવવામાં આવે છે: પશ્ચિમ રેલ્વે

સુરતઃ પશ્ચિમ રેલવેના જન સંપર્ક અધિકારી વિનીત અભિષેકનો સંપર્ક સાંધતા જણાવ્યું હતું કે જરુરિયાત અને ટિકિટ બુકિંગનાં આધારે ટ્રેન ચલાવવામાં આવે છે. હોળી હોય કે પછી દિવાળી પરિસ્થિતને અનુકુળ રેલ પ્રશાસન વધારાની ટ્રેનો દોડાવતી જ હોય છે. ત્યારે અચાનક મુસાફરોની સંખ્યા ઉધના રેલવે સ્ટેશન પર આવી જતાં સલામતીને ધ્યાનમાં રાખીને પોલીસે થોડુંક કડક વલણ અપનાવું પડ્યું હતું. જો કે હાલ સુરતની વાસ્તવિક સ્થિતિ અંગે પશ્ચિમ રેલ્વે અજાણ હોય તેવું લાગી રહ્યું હતું. આ ભીડ અચાનક નથી આવી, છેલ્લાં થોડાંક સમયથી લુમ્સનાં કારખાના, ડાંઈગ હાઉસોમાં કામનાં સમયમાં ખાસ્સો ઘટાડો થતાં પરપ્રાંતીયો વતનની વાટ પકડી રહ્યાં છે. આજે ઉધના રેલવે સ્ટેશન પર સર્જાયેલી ભીડની સ્થિતિ આવતાં રવિવારે પણ થવાની શક્યતાંને નકારી શકાય નહીં.

## યુપી, બિહાર જવા માટે ગણતરીની ત્રણ જ ટ્રેન

સુરતઃ યુપી, બિહાર જવા માટે ગણતરીની ત્રણ જ ટ્રેન છે. તાપ્તી ગંગા,દાનાપુર, ઉધના જયનગર આ ત્રણ ટ્રેન પરપ્રાંતીયો માટે વિશેષ છે. સુરતમાં ૨૦ લાખથી વધુ યુપી-બિહાર સહિતનાં લોકો મજુરી કામ માટે સુરતમાં રહે છે. જેઓ સુરતની પરિસ્થિતિ મુજબ એકસામટી દોટ મુક્તાં હોય છે. આજે પણ સુરત માટે યુપી-બિહારની વધુ ટ્રેનની જરુરિયાત છે. પરંતુ રેલ મંત્રાલય આ મુદ્દે કાયમી સુવિધા ઉપલબ્ધ કરાવવામાં પાછીં પડી રહી છે. આ અંગે રેલ્વેનાં જાણકાર સુત્રોનાં જણાવ્યાં મુજબ યુપી બિહાર તરફ જતી તમામ ટ્રેનો ભુસાવળ લાઈન પર દોડે છે. આ લાઈન પર મુંબઈ તરફથી આવતી ટ્રેનનું ભારણ વધારે રહે છે. જેને કારણે આ રુટ પર નિયમિત ટ્રેનો દોડાવવા માટે સમસ્યા થાય તેમ છે.

# ધંધુકા હત્યાકાંડમાં ૨૦થી વધુ ઝડપાયા

**ડીવાયએસપીના** નેતૃત્વમાં SITની રચના

**ગેરકાયદે** દબાણો પર ચાલશે 'દાદાનું બુલડોઝર'

અમદાવાદ : અમદાવાદ જિલ્લાના ધંધુકામાં બાઈક અથડાવા જેવી સામાન્ય બાબતે થયેલી ધર્મેશ ગમારાની હત્યા બાદ સમગ્ર પંથકમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ સર્જાઈ છે. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને અમદાવાદ રૂરલ પોલીસ દ્વારા સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT)ની રચના કરવામાં આવી છે. બીજી તરફ, હિંસા અને તોડફોડ કરનારા તત્વો સામે પણ પોલીસે લાલ આંખ કરી છે. હત્યાકાંડની નિષ્પક્ષ અને ઊંડાણપૂર્વક તપાસ માટે ડીવાયએસપી પ્રકાશ પ્રજાપતિના નેતૃત્વમાં ૪ અધિકારીઓની SIT બનાવવામાં આવી છે. આ ટીમમાં ડીવાયએસપી પ્રકાશ પ્રજાપતિ, પી.આઈ. રઘુ કરમટીયા, પી.આઈ. કરણ વિહોલ અને પી.એસ.આઈ. એસ. એચ. ઝાલાનો સમાવેશ કરાયો છે. આ ટીમ દ્વારા સમગ્ર મામલે ઉંડી તપાસ કરવામાં આવશે અને દર અઠવાડિયે પોતાનો પ્રોગ્રેસ રિપોર્ટ રજૂ કરવામાં આવશે. એસપી ઓમ પ્રકાશ જાટે પણ મૃતકના પરિવારની મુલાકાત લઈને તેમને સાંત્વના પાઠવી હતી અને આ કેસમાં જે પણ દોષી હશે તેમની સામે કડક કાર્યવાહી કરી ન્યાય અપાવવાની ખાતરી આપી છે.

શનિવારે ૧૮ એપ્રિલના રોજ બપોરે બાઈક અથડાવા બાબતે સમીર અને ધર્મેશ વચ્ચે બોલાચાલી થઈ હતી. સાંજે મામલો ઉગ્ર બનતા સમીર અને પરવેજ (રિઝવાન) સહિતના શખ્સોએ ધર્મેશ પર છરીથી હુમલો કર્યો હતો, જેમાં વધુ લોહી વહી જવાથી તેનું મોત નિપજ્યું હતું. આ સમાચાર ફેલાતા જ ધંધુકામાં રોષ ફાટી નીકળ્યો હતો. ઉશ્કેરાયેલા ટોળાએ બજારમાં દુકાનો, વાહનો અને લારી-ગલ્લાઓમાં તોડફોડ કરી આગચંપી કરી હતી.પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે ધંધુકામાં પોલીસનો ભારે બંદોબસ્ત ગોઠવાયો છે. SRPની ટુકડીઓ સહિત અમદાવાદ અને આસપાસના જિલ્લાઓમાંથી પોલીસ દળ તહેનાત કરવામાં આવ્યા છે. સંવેદનશીલ વિસ્તારોમાં કોમ્બિંગ હાથ ધરાયું છે અને શહેરના એન્ટ્રી-

મૃતક ધર્મેશ ગમારા (ઉંમર 35) હોટલ વ્યવસાય સાથે સંકળાયેલા હતા. તેમના પરિવારના બે સભ્યો પોલીસ વિભાગમાં ફરજ બજાવે છે. શનિવારે રાત્રે જ તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા, જેમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

અમદાવાદ જિલ્લા પોલીસ વડા ઓમપ્રકાશ જાટે જણાવ્યું હતું કે, સમગ્ર મામલે કડક કાર્યવાહી કરવામાં આવશે અને કાયદો-વ્યવસ્થા જાળવવા તમામ જરૂરી પગલાં લેવામાં આવી રહ્યા છે. સોશિયલ મીડિયા પર પણ નજર રાખવામાં આવી રહી છે.હાલ ધંધુકામાં પરિસ્થિતિ નિયંત્રણમાં હોવાનું પોલીસનું કહેવું છે, પરંતુ હજુ પણ વિસ્તારમાં અજંપાભર્યો માહોલ યથાવત્ છે. ગુજરાતના અન્ય શહેરોની જેમ હવે ધંધુકામાં પણ ગેરકાયદેસર દબાણો પર સીએમ ભૂપેન્દ્ર પટેલનું બુલડોઝર ફરી વળશે. પોલીસ અને વહીવટી તંત્ર દ્વારા ગેરકાયદે સ્ટ્રક્ચરોની યાદી તૈયાર કરવામાં આવી રહી છે અને નિયમ મુજબ નોટિસ આપીને આ દબાણો તોડી પાડવાની કાર્યવાહી હાથ ધરાશે. સંવેદનશીલ વિસ્તારોમાં કોમ્બિંગ શનિવારે રાત્રે જ પોલીસ દ્વારા સંવેદનશીલ વિસ્તારોમાં મોટું સર્ચ ઓપરેશન (કોમ્બિંગ) હાથ ધરવામાં આવ્યું હતું, જેમાં કેટલાક શંકાસ્પદ હથિયારો મળી આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.

હાઈવે પર પણ એન્ટ્રી-એક્ઝિટ પોઈન્ટ પર કડક ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. હાલમાં સમગ્ર ધંધુકા શહેરમાં અજંપાભરી શાંતિ જોવા મળી રહી છે.

# રૂંગટા ગ્રુપના મેનેજર સાથે ૪.૫૬ કરોડની છેતરપિંડી

**ઇકો** સેલે ૧૬ સામે ગુનો નોંધી તપાસ શરુ કરી

સુરતઃપલસાણા તાલુકાના ઈટાળવા ગામની કરોડોની કિંમતની ખેતીની જમીન વેચાણ આપવાના બહાને સુરતના જાણીતા બિલ્ડર ગ્રુપ સાથે રૂ. ૪.૫૬ કરોડની છેતરપિંડી આચરવામાં આવી હોવાની ચોંકાવનારી ફરિયાદ વેસુ પોલીસ મથકે નોંધાઈ છે. જમીન માલિકો અને મધ્યસ્થી દલાલે પૂર્વ આયોજિત કાવતરું રચી, એક બ્લોકનો દસ્તાવેજ કરી આપી બીજા બ્લોકના નાણાં મેળવી લીધા બાદ તે જમીન અન્યને પધરાવી દઈ વિશ્વાસઘાત કર્યો હોવાનું બહાર આવ્યું છે.

મળતી વિગતો મુજબ, વેસુ વી.આઈ.પી. રોડ પર આવેલા રૂંગટા શોપિંગ સેન્ટરમાં ઓફિસ ધરાવતા અને રૂંગટા ડેવલોપર્સમાં વહીવટી કામકાજ જોતા સંજય ઓમપ્રકાશ ભાઉવાલા (ઉ.વ. ૫૭) એ આ મામલે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ વર્ષ ૨૦૨૧માં દલાલ ઈલ્યાસ અબ્દુલ કાકાએ ઈટાળવા ગામના બ્લોક નં. ૧૫૭ અને ૨૦૯ વાળી જમીન વેચાણ આપવાની વાત કરી ખેડૂતો સાથે મુલાકાત કરાવી હતી. જે-તે સમયે બ્લોક નં. ૧૫૭ની કિંમત રૂ. ૩.૭૧ કરોડ અને બ્લોક નં. ૨૦૯ની કિંમત રૂ. ૩.૩૦ કરોડ નક્કી કરવામાં આવી હતી. આરોપીઓએ વિશ્વાસમાં લઈ ટુકડે-ટુકડે ચેક અને રોકડ સ્વરૂપે કુલ રૂ. ૪,૫૬,૮૫,૨૬૪ મેળવી લીધા હતા. જેમાંથી બ્લોક નં. ૨૦૯નો દસ્તાવેજ તો કરી આપ્યો હતો, પરંતુ બ્લોક નં. ૧૫૭ પેટે રૂ. ૧.૨૬ કરોડથી વધુની રકમ મેળવી લીધી હોવા છતાં તેનો દસ્તાવેજ કરવામાં ગલ્લાં-તલ્લાં કરતા હતા. ફરિયાદી જ્યારે ઉઘરાણી કરવા ગયા ત્યારે આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. તપાસ કરતા માલમ પડ્યું હતું કે,આરોપીઓએ આ જમીન અબુબકર સુલેમાન પટેલ નામની વ્યક્તિને રૂ. ૧૦ લાખમાં સાટાખત કરી આપી બિલ્ડર સાથે છેતરપિંડી આચરી હતી. આ મામલે આર્થિક ગુના નિવારણ શાખા (ECO Cell) ની તપાસ બાદ વેસુ પોલીસે કુલ ૧૬ શખ્સો વિરુદ્ધ બી.એન.એસ.ની કલમ ૩૧૬(૫) અને ૬૧(૨) મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### સામરોદ અને ઇટાળવાના આ લોકો સામે ગુનો નોંધાયો

મહમુદ ઇબ્રાહિમ પટેલ
યાહીયા મહમુદ પટેલ
ઉમર મહમુદ પટેલ
સુલેમાન ઇબ્રાહીમ પટેલ
ફરીદા (અબદુલ્હે પટેલની પુત્રી)
નશીમા (અબદુલ્હે પટેલની પુત્રી)
યાસ્મીન અબદુલ્હ પટેલ
મોહમ્મદ ઇકબાલ અબદુલ્હે પટેલ
રશીદા અબદુલ્હે પટેલ
ઝેબન ઇસ્માઇલ પટેલ
અહમદ ઇસ્માઇલ પટેલ
તાહેરાબીબી (ઇસ્માઇલ પટેલની પુત્રી અને મહમદની પત્ની)
યુસુફ ઇસ્માઇલ પટેલ
નફીસા (ઇસ્માઈલ પટેલની પુત્રી અને અફઝલની પત્ની)
તુનુસ મહમુદ પટેલ
ઇલ્યાસ અબ્દુલ કાકા (દલાલ)

# ગુજરાતમાં ગરમી પ્રકોપ વચ્ચે આજે વરસાદની આગાહી

**અમદાવાદ**- સુરેન્દ્રનગર અને અમરેલીમાં 42 ડિગ્રી ગરમી



અમદાવાદ : ગુજરાતમાં ઉનાળાએ જોર પકડ્યું છે અને રાજ્યના અનેક શહેરોમાં તાપમાન 40 ડિગ્રીને પાર પહોંચી ગયું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી દિવસોમાં પણ ગરમી યથાવત્ રહેવાની શક્યતા છે, જોકે કેટલીક જગ્યાએ હળવા વરસાદની પણ આગાહી કરવામાં આવી છે.અમદાવાદ- સુરેન્દ્રનગર અને અમરેલીમાં 42 ડિગ્રી ગરમી નોંધાવવા પામી છે.

રાજ્યના વિવિધ શહેરોમાં નોંધાયેલ મહત્તમ તાપમાન મુજબ અમદાવાદમાં 42 ડિગ્રી, ગાંધીનગરમાં 41 ડિગ્રી, રાજકોટ અને સુરેન્દ્રનગરમાં 42 ડિગ્રી નોંધાયું હતું. અમરેલીમાં પણ 42 ડિગ્રી તાપમાન નોંધાયું છે. તે જ રીતે વડોદરામાં 41 ડિગ્રી, ડીસામાં 41 ડિગ્રી અને વલ્લભ વિદ્યાનગરમાં પણ 41 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. ભાવનગર અને કેશોદમાં 39 ડિગ્રી જ્યારે સુરતમાં પણ 39 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. કચ્છ અને સૌરાષ્ટ્ર વિસ્તારમાં ભૂજમાં 40 ડિગ્રી, નલિયામાં 35 ડિગ્રી, કંડલા પોર્ટમાં 37 ડિગ્રી અને કંડલા એરપોર્ટમાં 39 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. પોરબંદરમાં 35 ડિગ્રી અને મહુવામાં 36 ડિગ્રી તાપમાન નોંધાયું છે, જ્યારે દમણમાં 34 ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

હવામાન વિભાગ મુજબ મધ્ય ટ્રોપોસ્ફિયરમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય છે અને દક્ષિણ-પશ્ચિમ રાજસ્થાન આસપાસ ઉપરવાસી ચક્રવાતીય પરિભ્રમણ યથાવત્ છે. તેના કારણે હવામાનમાં થોડી અસ્થિરતા જોવા મળી રહી છે.આગામી 7 દિવસ દરમિયાન તાપમાનમાં મોટા ફેરફારની શક્યતા નથી. રાજ્યના કેટલાક વિસ્તારોમાં આગામી 4 દિવસ સુધી 40 ડિગ્રીથી વધુ તાપમાન રહેવાની શક્યતા છે.અમદાવાદ અને આસપાસના વિસ્તારોમાં આકાશ મુખ્યત્વે સ્વચ્છ રહેશે, જ્યારે બપોર બાદ ભાગ્યે વાદળછાયું રહેવાની શક્યતા છે. મહત્તમ તાપમાન 41 ડિગ્રી આસપાસ રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

હવામાન વિભાગે 20 એપ્રિલ માટે છોટા ઉદેપુર, નર્મદા, તાપી, ડાંગ, નવસારી અને વલસાડ જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદ અથવા ગાજવીજની શક્યતા વ્યક્ત કરી છે. સૌરાષ્ટ્રના અમરેલી અને ભાવનગરમાં પણ વરસાદ પડી શકે છે. 20 થી 21 એપ્રિલ દરમિયાન પણ ડાંગ, નવસારી અને વલસાડ સહિત દક્ષિણ ગુજરાતમાં વરસાદની શક્યતા છે.21 થી 22 એપ્રિલ દરમિયાન ભરૂચ અને સુરત સહિત દક્ષિણ ગુજરાત તેમજ સૌરાષ્ટ્રના અમુક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે.રાજ્યમાં એક તરફ આકાશમાંથી અગલ વર્ષા થઈ રહી છે તો બીજી તરફ અમુક વિસ્તારોમાં વરસાદની સંભાવના પણ વ્યક્ત કરવામાં આવી છે. આવી સ્થિતિમાં લોકોને ગરમીથી બચવા સતત પાણી પીવા સાથે સાવચેતી રાખવા તેમજ હવામાન વિભાગની સૂચનાઓનું પાલન કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# વિદ્યાર્થીઓના APAAR ID 30 જૂન સુધી ૧૦૦% પૂર્ણ કરવાનો ટાર્ગેટ

**દર** અઠવાડિયે કેમ્પ યોજવા આદેશ, વાલીઓની સહભાગીદારી ફરજિયાત

## સમયમર્યાદાની જવાબદારી આચાર્યની રહેશે

જિલ્લા શિક્ષણાધિકારીએ સ્પષ્ટ જણાવ્યું છે કે કોઈપણ સંજોગોમાં 30 જૂન ૨૦૨૬ સુધીમાં આ કામગીરી ૧૦૦ ટકા પૂર્ણ કરવી ફરજિયાત રહેશે. જો કોઈ શાળામાં ક્ષતિ જણાશે તો તેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત આચાર્યશ્રીની ગણાશે. આદેશ બાદ સુરત જિલ્લામાં શિક્ષણ તંત્ર સજ્જ બન્યું છે અને તમામ શાળાઓમાં ઝડપી ગતિએ APAAR ID જનરેશન પ્રક્રિયા પૂર્ણ કરવા તૈયારી શરૂ કરવામાં આવી છે.

સુરતઃ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) ૨૦૨૦ હેઠળ વિદ્યાર્થીઓને એકીકૃત શૈક્ષણિક ઓળખ આપવા માટે સરકાર દ્વારા શરૂ કરાયેલ APAAR ID (ઓટોમેટેડ પરમનેન્ટ એકેડેમિક અકાઉન્ટ રજીસ્ટ્રી) જનરેશન પ્રક્રિયાને ઝડપી બનાવવા સુરત જિલ્લા શિક્ષણાધિકારીએ તમામ સરકારી, ખાનગી અને અનુદાનિત શાળાઓને તાત્કાલિક સૂચનાઓ આપી છે.

૩૧ માર્ચ ૨૦૨૬ની સ્થિતિએ હજુ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓના APAAR ID બનાવવાના બાકી હોવાથી હવે "APAAR Saturation Plan"અમલમાં મૂકાયો છે. આ યોજના હેઠળ 30 જૂન ૨૦૨૬ સુધીમાં ૧૦૦ ટકા વિદ્યાર્થીઓના APAAR ID જનરેટ કરવાનો કડક લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે. શાળાઓને સૂચના આપવામાં આવી છે કે જે વિદ્યાર્થીઓના APAAR ID બાકી છે, તેમના માટે ખાસ સેચ્યુરેશન કેમ્પનું આયોજન કરવું પડશે. આ કેમ્પો ૧૧ એપ્રિલથી 30 જૂન દરમિયાન દર અઠવાડિયે ઓછામાં ઓછો એક વખત યોજવાના રહેશે.

શક્ય હોય તો દર શનિવારે કેમ્પ રાખવા પર ભાર મુકાયો છે. જ્યાં વિદ્યાર્થીઓના આધાર કાર્ડ અથવા સંમતિ પત્રક સંબંધિત સમસ્યાઓ હોય, ત્યાં વાલીઓને શાળાએ બોલાવી જરૂરી પ્રક્રિયા પૂર્ણ કરાવવા સૂચના આપવામાં આવી છે. આથી પ્રક્રિયામાં વિલંબ ન થાય તે માટે વાલીઓની સક્રિય ભાગીદારી જરૂરી ગણાઈ છે.

દરેક શાળાએ દર અઠવાડિયે APAAR ID જનરેશન અંગે થયેલી પ્રગતિનો અહેવાલ તૈયાર કરીને સંબંધિત CRC કોર્ડિનેટર (CRC Co.)ને મોકલવાનો રહેશે.

તેમાં કેટલા વિદ્યાર્થીઓના ID બન્યા અને કેટલા બાકી છે તેની સ્પષ્ટ માહિતી આપવાની રહેશે.

# મારામારીના કેસમાં પિતા-પુત્રને પાંચ વર્ષની સજા

**વાપીના** કેદી એહમદ રઝાને મળવાં આવેલાં પિતાએ પુત્ર સાથે મળી ધમાલ મચાવી હતી

સુરતઃ નવી સિવિલ હોસ્પિટલની કિડની બિલ્ડિંગના પ્રિઝનર વોર્ડમાં ફરજ પરનાં પોલીસ કર્મચારી પર હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી કેસમાં ટ્રાયલ કોર્ટે પિતા-પુત્રને એક વર્ષની સજા ફટકારી હતી. આ ઘટનાં ૧૧મી નવેમ્બર ૨૦૨૪માં બની હતી. વાપી ટાઉન પોલીસ સ્ટેશનના ગુનાના આરોપી નવસારી જેલના કેદી એહમદ રઝા ઉર્ફે અયાન જોન યકીન યુનુસ તૈલીને ખેચ આવતા સુરત સિવિલ હોસ્પીટલ નવી કીડની બીલ્ડીંગના વોર્ડ નં. ડી/૫ માં દાખલ કરાયો હતો. જ્યાં ખટોદરા પોલીસ સ્ટેશનનાં ફરીયાદી અ.હે.કો. રાહુલભાઈ ગોયા સહિતનાં પોલીસકર્મી ફરજ પર હતાં. તા. ૧૧.૧૧.૨૦૨૪ના આરોપી એહમદ રઝાના પિતા યકીન યુનુસ તૈલી આરોપી એહમદ રઝાને મળવા આવી ચા-નાસ્તો આપવાનું કહેતાં ના પડાય હતી. ત્યારબાદ કુલરમાં ઠંડુ પાણી આવતું ન હોવા બાબતે નર્સ સાથે ઝઘડો કરવા લાગતાં ફરજ પરનાં પોલીસે ચાલ્યા જવાનું કહેતાં પિતા-પુત્રએ ઉશ્કેરાઇ જઇ પોલીસ પર હુમલો કરી માર મારી ધમકી આપી હતી. ખટોદરા પોલીસે આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી હતી. આ કેસની ન્યાયિક કાર્યવાહી જયુડિસીયલ મેજિસ્ટ્રેટ ફસ્ટ કલાસ કોર્ટનાં જજ પ્રિયાબેન કાલાની કોર્ટમાં ચાલી હતી. સુનાવણી દરમિયાન પંચ સાક્ષીઓમાંથી ઘણા હોસ્ટાઈલ જાહેર થયા હતાં. સરકાર પક્ષે એપીપી આઈઆઈ મન્સુરી હાજર થયાં હતાં અને દલીલ કરી હતી કે આરોપીઓએ ઈરાદા પુર્વક જાહેર સેવક સાથે તેઓની ફરજ દરમ્યાન બોલાચાલી કરી ગાળો આપી ધમકી આપી હોય સમાજમાં દાખલો બેસે તે મુજબ મહત્તમ સજા કરવા વિનંતી કરી હતી. બંન્ને પક્ષની દલીલો બાદ કોર્ટે પુરાવાને ધ્યાને લઈ આરોપી યકીન યુનુસ તૈલી( હોડીબંગ્લો, વરીયાવી બજાર), અહેમદ રઝા ઉર્ફે અયાન જોન યકીન યુનુસ તૈલીને એક વર્ષની સાદી કેદની સજા અને દંડ ફટકાર્યો હતો.

## અનુસંધાન

... પાના છેલ્લાનું

**ઉધના સ્ટેશન...**

અધિકારીઓ એસી ઓફિસમાં બેસીને 'સ્થિતિ નિયંત્રણમાં છે' તેવા ખોટા દાવા કરી રહ્યા હતા.ભીડ વધતા જ્યારે અંધાધૂંધી સર્જાઈ, ત્યારે રેલવે પોલીસ દ્વારા પરિસ્થિતિને કુનેહપૂર્વક સાંભળવાને બદલે શ્રમજીવીઓ પર લાઠીઓ વરસાવવાનું શરૂ કરવામાં આવ્યું હતું. સ્ટેશન પર ૨૪ કલાકથી વધુ સમયથી ઉભેલા શ્રમજીવીઓ પાસે પીવાના પાણીની પણ સગવડ નહોતી. કાળઝાળ ગરમીમાં ભૂખ્યા-તરસ્યા આ લોકો પાણી માટે વલખા મારી રહ્યા હતા. આ શ્રમજીવીઓની વેદના આજે કોઈ સાંભળનાર નથી. ઉધના રેલવે સ્ટેશન પર સર્જાયેલી આ સ્થિતિ રેલવે પ્રશાસનની ઘોર નિષ્ફળતા અને અમાનવીય ચહેરાને છતી કરે છે. વહીવટી તંત્રની આ ઊંઘ ક્યારે ઉડશે અને આ ગરીબ મુસાફરોને માન સન્માન સાથે વતન જવાની સુવિધા ક્યારે મળશે તે એક મોટો સવાલ છે. વતન જવા માટે ઉધના સ્ટેશન ઉપર પરિવાર સાથે આવેલો એક યુવક ભીડના કારણે અને સફોકેશનના લીધે બેભાન થઈ જતાં તેને સારવાર માટે લઈ જવામાં આવ્યો હતો.

### અબ કભી નહિ આઉંગા દોસ્ત

ઉધના રેલવે સ્ટેશન જાણે યુદ્ધનું મેદાન બન્યું હોય તેવા દ્રશ્યો આજે સર્જાયા હતા. આ ભીડમાં કચડાયેલા અને લાચાર બનેલા એક પરપ્રાંતિય મુસાફરે ધીરજ ખૂટી પડી હતી. આંખમાં આંસુ સાથે તેણે પોતાની વેદના ઠાલવતા કહ્યું કે,અબ કભી નહીં આઉંગા દોસ્ત. તંત્રની નિષ્ફળતા અને ભીડના આ દ્રશ્યોએ સુરતના શ્રમિકોની સુરક્ષા સામે અનેક સવાલો ઉભા કર્યા છે.

### પશ્ચિમ રેલવેનો દાવો: સબ સલામત

ભારે ભીડ અને અંધાધૂંધીના અહેવાલો વચ્ચે, પશ્ચિમ રેલ્વેએ એક સત્તાવાર નિવેદન જારી કરીને જણાવ્યું હતું કે પરિસ્થિતિ સામાન્ય છે. રેલ્વેના જણાવ્યા અનુસાર, ટ્રેન નંબર 09061, 09067, 19021, 22564, 19045 અને 09031 સહિતની ઘણી ટ્રેનો રવિવારે ઉધનાથી સમયસર રવાના થઈ હતી, જેમાં 21,000 થી વધુ મુસાફરો તેમના ગંતવ્ય સ્થાન પર પહોંચ્યા હતા.. રેલ્વેનો દાવો છે કે સ્ટેશન પર ભીડ નિયંત્રણ અને મુસાફરોની સુવિધા માટે પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે, અને પરિસ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણમાં છે.

### હોલ્ડિંગ એરિયામાં પંખા પણ ખરાબ

પરિસ્થિતિ કાબૂ બહાર જવાનું કારણ વ્યવસ્થિત ખામીઓ પણ બહાર આવી હતી. જો પ્લેટફોર્મ 6 ની બહાર કાયમી હોલ્ડિંગ એરિયા ઉપરાંત કામચલાઉ ટેન્ટ પૂરા પાડવામાં આવ્યા હોત, તો મુસાફરોને તડકામાં ઊભા રહેવું પડતું નહીં. આ વખતે, આવી કોઈ વ્યવસ્થા કરવામાં આવી ન હતી, અને હોલ્ડિંગ એરિયામાં પંખા પણ ખરાબ હતા.

**પત્નીની અસ્થિ...**

મદદથી આખરે પરિવારને તાપી ગંગા ટ્રેનમાં સુરક્ષિત રીતે રવાના કરવામાં આવ્યા હતા,

**બેરીકેડ તોડતા...**

ગઈ. મુસાફરોએ લાઇનો તોડી નાખી અને બેરિકેડ તોડી નાખ્યા. લોકો સીમા દરવાજા પાર કરવા માટે એકબીજા પર ચઢવા લાગ્યા, જેના કારણે ભાગદોડ જેવી સ્થિતિ સર્જાઈ. પરિસ્થિતિને કાબુમાં લેવા માટે, રેલવે પોલીસે કેટલાક મુસાફરો પર લાઠીચાર્જ પણ કરવો પડ્યો.

**કુલ 8...**

ટ્રેન નંબર 19021 અમૃત ભારત એક્સપ્રેસ અને 8.35 કલાકે ટ્રેન નંબર 22564 અંતોદય જયનગર એક્સપ્રેસ હાઉસફુલ થઈને દોડી હતી.જ્યારે ટ્રેન નંબર 19045 તાપ્તી ગંગા એક્સપ્રેસ સવારે 10.20 કલાકે અને ટ્રેન નંબર 09031 ઉધના-હસનપુર સ્પેશિયલ 11.25 કલાકે ઉપડી હતી. આ તમામ 6 ટ્રેનમાં કુલ મળીને 21,106 મુસાફરો ઉત્તર પ્રદેશ અને બિહાર તરફ રવાના થયા છે.જોકે ભીડ વધુ હોવાના કારણે ટ્રેન નંબર ઉધના જયનગર સ્પેશિયલ 21.40 કલાકે અને ટ્રેન નંબર 09039 ઉધના જયનગર સ્પેશિયલ ટ્રેન 23.30 કલાકે ઉધના થી ઉપડશે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે મુસાફરોની ભારે ભીડ ના કારણે ઉધના સ્ટેશન ઉપર બાંદ્રા ગોરખપુર સ્પેશિયલ અને વલસાડ માઉંટ સ્પેશિયલને ઉધના રેલવે સ્ટેશન ઉપર સ્ટોપેજ આપવામાં આવ્યો છે.

**ભોરિયામાં અકસ્માતમાં...**

અડફેટે લીધા હતા. ભોરીયા ગામની સીમમાં ઈંટના ભઠ્ઠા પાસે સામેથી આવતી કાર (GJ-19-BR-8086) ના ચાલકે પોતાનું વાહન બેફામ ગતિએ હંકારી આશિષભાઈની બાઇકને ધડાકાભેર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે આશિષભાઈ પટેલ, તેમના પત્ની પારુલબેન પટેલઅને કાકી ઉષાબેન પટેલનું ઘટનાસ્થળે જ કમકમાટી ભર્યુ મોત નીપજ્યું હતુ. સદનસીબે 4 વર્ષના પુત્ર વેદનો બચાવ થયો છે, પરંતુ તેને ગંભીર ઇજાઓ પહોંચતા તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.

એક જ પરિવારના ત્રણ-ત્રણ સભ્યોના અકાળે અવસાનથી સાંબા ગામ સહિત સમગ્ર પંથકમાં ભારે ગમગીની છવાઈ ગઈ છે. લગ્ન પ્રસંગની ખુશીઓ માતમમાં ફેરવાઈ જતા પરિવારજનોના આક્રંદથી વાતાવરણ ગમગીન બની ગયું હતું. સ્થાનિક પોલીસે આ મામલે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**રાંદેરના વિધર્મીએ...**

પકડી લીધા હતા. આરોપીઓએ બંને વૃદ્ધોને લોખંડના પોલ સાથે કમરના ભાગે સાંકળ વડે બાંધી દીધા હતા. વિડીયોમાં જોઈ શકાય છે કે વૃદ્ધો છૂટવા માટે આજીજી કરી રહ્યા હતા, છતાં ઈમરાન નામનો શખ્સ રમેશભાઈને માથામાં ટપલીઓ મારી ગાળો આપી રહ્યો હતો. એટલું જ નહીં, આરોપીઓએ તેમના ખિસ્સા તપાસી 'કેટલા પૈસા છે' તેમ કહી અપમાનિત કર્યા હતા.આ સમગ્ર ઘટનાનો આરોપીઓએ મોબાઈલમાં વિડીયો ઉતાર્યો હતો અને તેને સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો હતો.

ગત રાત્રે જયેશભાઈના પિતરાઈ ભાઈએ વોટ્સએપ પર આ વિડીયો જોતા પરિવારજનો ચોંકી ઉઠ્યા હતા. પિતાને પૂછતા તેમણે આપવીતી જણાવી હતી કે તેઓને બદનામ કરવાના ઈરાદે આ કૃત્ય કરવામાં આવ્યું હતું. રાંદેર પોલીસે આ મામલે ઈમરાન તથા અન્ય અજાણ્યા શખ્સો વિરુદ્ધ બી.એન.એસ. (B.N.S.) ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**ડાંગ અને...**

શકે છે. હાલ આ પરિસ્થિતિ પર સ્થાનિક પ્રશાસન અને કૃષિ વિભાગ સતત નજર રાખી રહ્યો છે.


## પશ્ચિમ રેલવે ખાસ ટ્રેનો ચલાવશે

| ટ્રેન નંબર | મૂળ સ્ટેશન અને ગંતવ્ય સ્થાન | સેવાની તારીખ | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| 09143 | વલસાડ - દુર્ગાપુર | 21.04.2026 | 12:50 કલાકે (મંગળવાર) | 04:20 કલાકે (ગુરૂવાર) |
| 09144 | દુર્ગાપુર - વલસાડ | 23.04.2026 | 07:00 કલાકે (ગુરૂવાર) | 17:30 કલાકે (બીજા દિવસે) |
| હોલ્ટસઃ ભેસ્તાન, નંદુરબાર, ભુસાવલ, ખંડવા, ઇટારસી, જબલપુર, કટની, સતના, મનીકપુર, પ્રયાગરાજ છીઓકી, પં. દિનદયાળ ઉપાધ્યાય, સસરામ, ગયા, કોદરમા, ધનબાદ, આસનસોલ અને અનદલ સ્ટેશનની બંને દિશામાં | | | | |
| કમ્પોઝીશનઃ એ.સી. 3 ટાયર, સ્લીપર કલાસ અને જનરલ સેકન્ડ કલાસ કોચીસ | | | | |
| 09173 | ઉધના - દુર્ગાપુર | 21.04.2026 અને 25.04.2026 | 07:10 કલાકે (મંગળવાર અને શનિવાર) | 20:50 કલાકે (બીજા દિવસે |
| 09174 | દુર્ગાપુર - ઉધના | 22.04.2026 અને 26.04.2026 | 23:50 કલાકે (બુધવાર અને રવિવાર) | 13:30 કલાકે (શુક્રવાર અને મંગળવાર) |
| હોલ્ટસઃ નંદુરબાર, ભુસાવળ, ખંડવા, ઇટારસી, જબલપુર, કટની, સતના, માનેકપુર, પ્રયાગરાજ છીઓકી, પં. દિનદયાળ ઉપાધ્યાય, સસરામ, ગયા, કોદરમા, ધનબાદ, આસનોલ અને અનદલ સ્ટેશનની બંને દિશામાં | | | | |
| કમ્પોઝીશનઃ સ્લીપર કલાસ અને જનરલ સેકન્ડ કલાસ કોચીસ | | | | |
| 09175 | ઉધના - દુર્ગાપુર | 22.04.2026 અને 23.04.2026 | 08:35 કલાકે (બુધવાર અને ગુરૂવાર) | 20:50 કલાકે (બીજા દિવસે |
| 09176 | દુર્ગાપુર - ઉધના | 23.04.2026 અને 24.04.2026 | 23:50 કલાકે (ગુરૂવાર અને શુક્રવાર) | 13:30 કલાકે (શનિવાર અને રવિવાર) |
| હોલ્ટસઃ નંદુરબાર, ભુસાવળ, ખંડવા, ઇટારસી, જબલપુર, કટની, સતના, માનેકપુર, પ્રયાગરાજ છીઓકી, પં. દિનદયાળ ઉપાધ્યાય, સસરામ, ગયા, કોદરમા, ધનબાદ, આસનોલ અને અનદલ સ્ટેશનની બંને દિશામાં | | | | |
| કમ્પોઝીશનઃ સેકન્ડ સીટીંગ અને જનરલ સેકન્ડ કલાસ કોચીસ | | | | |
| 09079 | વલસાડ - દુર્ગાપુર | 22.04.2026 અને 26.04.2026 | 09:15 કલાકે (બુધવાર અને રવિવાર) | 04:20 કલાકે (શુક્રવાર અને મંગળવાર) |
| 09080 | દુર્ગાપુર - વલસાડ | 24.04.2026 અને 28.04.2026 | 07:00 કલાકે (શુક્રવાર અને મંગળવાર) | 19:20 કલાકે (બીજા દિવસે) |
| હોલ્ટસઃ ભેસ્તાન, નંદુરબાર, ભુસાવલ, ખંડવા, ઇટારસી, જબલપુર, કટની, સતના, મનીકપુર, પ્રયાગરાજ છીઓકી, પં. દિનદયાળ ઉપાધ્યાય, સસરામ, ગયા, કોદરમા, ધનબાદ, આસનસોલ અને અનદલ સ્ટેશનની બંને દિશામાં | | | | |
| કમ્પોઝીશનઃ સ્લીપર કલાસ અને જનરલ સેકન્ડ કલાસ કોચીસ | | | | |
| 09073 | ઉધના - દુર્ગાપુર | 27.04.2026 | 11:25 કલાકે (સોમવાર) | 04:00 કલાકે (બુધવાર) |
| 09074 | દુર્ગાપુર - ઉધના | 29.04.2026 | 07:00 કલાકે (બુધવાર) | 20:45 કલાકે (બીજા દિવસે) |
| હોલ્ટસઃ નંદુરબાર, ભુસાવળ, ખંડવા, ઇટારસી, જબલપુર, કટની, સતના, માનેકપુર, પ્રયાગરાજ છીઓકી, પં. દિનદયાળ ઉપાધ્યાય, સસરામ, ગયા, કોદરમા, ધનબાદ, આસનોલ અને અનદલ સ્ટેશનની બંને દિશામાં | | | | |
| કમ્પોઝીશનઃ સ્લીપર કલાસ અને જનરલ સેકન્ડ કલાસ કોચીસ | | | | |

સ્ટોપેજ, સ્ટોપના સમય અને રચના અંગે વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.inની મુલાકાત લઇ શકે છે

ટ્રેન નંબર 09143 અને 09173નું બુકીંગ 20.04.2026થી 14:00 કલાકે ખુલશે જ્યારે ટ્રેન નંબર 09175, 09079 અને 09073નું બુકીંગ 21.04.2026થી બધા PRS કાઉન્ટર અને IRCTC વેબસાઇટ પર ખુલશે. ઉપરોક્ત ટ્રેનો ખાસ ભાડા પર ખાસ ટ્રેન તરીકે દોડશે

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઇક અને ફોલો કરો
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

કૃપા કરીને બધી આરક્ષિત ટીકીટો માટે મૂળ ઓળખપત્ર સાથે રાખો